Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# ગુજરાતમાં ડેરી ઉદ્યોગનો વિકાસ અને રોજગારી

Dr. Jyotikaben B Patel*

**પ્રસ્તાવના:-**

દૂધના ઉત્પાદનમાં તીવ્ર વધારો જ 'શ્વેત ક્રાંતિ' કહેવડાવે છે. ૧૯૬૪-૬૫માં “સધન પશુ વિડાસ પ્રોગ્રામ”( Intensive Cattle Development Program) ચલાવવામાં આવ્યો. જે અંતર્ગત “શ્વેત ક્રાન્તિ' લાવવા માટે પશુમાલિકોને પશુપાલન માટેના આધુનિક તરકીબોનું પેકેજ પ્રદાન કરાયું હતું અને શ્વેતક્રાન્તિની ગતિમાં વધારો લાવવા માટે “ઓપરેશન ફ્લડ” (Operation Flood)ની શરૂઆત કરવામાં આવી. ૨૦૦૦-૦૧માં દેશમાં કુલ દૂધ ઉત્પાદન ૮૧.૪ મિલિયન ટન થયું હતું. જેમાં વર્ષ-૨૦૦૫-૦૬ના સમયગાળાટાં ૯૭.૧ મિલિયન ટન થવાનો અંદાજ હતો. વર્ષ-૨૦૦૬-૦૭માં ૧૦૦ મિલિયન ટન છે. દેશનાં દૂધ ઉત્પાદનમાં ભેંસના દૂધનો હિસ્સો ૫૦%, ગાયના દૂધનો હિસ્સો ૪૬%, બકરીના દૂધનો હિસ્સો ૪% ધરાવે છે. વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં ભારત દેશનો પહેલો ક્રમ છે. બીજા ક્રમે અમેરિકા દેશ રહ્યો છે. ભારત દેશમાં વિશ્વની સૌથી વધારે પશુઓની સંખ્ય! છે. વર્ષ-૨૦૦૪-૦૫માં ૪૫.૨૦૧ બિલિયન હતી. GDP ના ક્ષેત્રે પશુધનનું ૫.૪%યોગદાન રહ્યું છે.

“ઓપરેશન ફ્લડ” યોજનાના સૂત્રધાર ડૉ. વ્ગીશ કુરિયન છે. જેમનો આ યોજનાને કાર્યરત કરી અને સફળતાનો યશ એમના ફાળે જાય છે. આ ઓપરેશન ફ્લડ કાર્યક્રમ વિશ્વનો સૌથી મોટો સમન્વિત ડેરી વિકાસ કાર્યક્રમ છે. જેનો ૧૯૪૦માં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) એ શરૂઆત કરી હતી. અત્યાર સુધીમાં આ યોજનાના ત્રણ ચરણ પૂર્ણ થઇ ચૂક્યા છે. જેમાં ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને ઘણા આર્થિક લાભ થયા છે. આ યોજના દ્વારા ૯૦ લાખ ખેડૂતો અને તેના પરિવારના સભ્યો કાર્યરત રહીને ૭૦ હજારથી વધારે ડેરી સહકારી સંસ્થાઓ દ્વારા જોડાઇને ડેરી વિકાસ કાર્યક્રમ દ્વારા લાભ પ્રાપ્ત કરી રહ્યા છે. આ યોજનાના પરિણામ રૂપે જ ભારત દેશમાં દૂધની પ્રત્યેક વ્યક્તિની દૈનિક વપરાશ વર્ષઃ ૨૦૦૫-૦૬માં ૨૩૦ ગ્રામની હતી. જે વર્ષઃ૨૦૦૬-૦૭માં ૨૪૫ ગ્રામ સુધી પહોંચવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

જ્યારે અમેરિકા દેશમાં પ્રત્યેક વ્યક્તિ દીઠ દૂધનો વપરાશ ૯૦૦ ગ્રામ, પંજાબમાં ૮૦૦ ગ્રામ, હરિયાણામાં ૬૪૦ ગ્રામ છે. પૂર્વાત્તર રાજયોમાં ૨૦ ગ્રામ એક વ્યક્તિ રોજના બહુ જ મુશ્કેલીથી મેળવી શકે છે.

**ગુજરાતનું ડેરી વિકાસ ક્ષેત્રે સ્થાન:-**

ગુજરાત રાજય ૧૯૯૮માં દૂધ ઉત્પાદન ક્ષેત્રે વાર્ષિક ૪.૮ મિતિચન મેટ્રીક ટન દૂધ ઉત્પન્ન કરતું રાજ્ય છે. સમગ્ર ભારતના અન્ય રાજયોની તુલનાએ ગુજરાત રાજયનો છઠ્ઠો ક્રમ છે. દૈનિક દૂધ વપરાશ ૨૮૪ ગ્રામ અને સમગ્ર ભારતમાં પાંચમા ક્રમે આવે છે. પ્રથસ ચાર ક્રમે અનુક્નમે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાન આવે છે. પૂરા ગુજરાતમાં દૂધનો સૌથી અધિક વપરાશ પ્રતિદિન ૭,૬૪,૦૦૦ લિટર અમદાવાદ કેન્દ્રમાં અને બીજા સ્થાને પ્રતિદિન ૪,૦૬,૦૦૦ લિટર વપરાશ સૂરત કેન્દ્રમાં અને ત્રીજા ક્રમે પ્રતિદિન ૨,૮૦,૦૦૦ લિટર વપરાશ સાથે વડોદરા કેન્દ્રનો આવે છે.

ગુજરાત રાજયમાં સૌથી અધિક દૂધ ઉત્પાદન મહેસાણા કેન્દ્રમાં વર્ષ:૧૯૯૫માં પ્રતિદિન ૧૪૫૨ હજાર લિટર છે. જે રાજયના કુલ દૂધ ઉત્પાદનમાં ૧૩% પ્રાપ્ત કરે છે. બીજા ક્રમે ખેડા કેન્દ્રમાં ૧૧૪૧ હજાર લીટર જે રાજયના કુલ દૂધ ઉત્પાદમાં ૧૦% પ્રાપ્ત કરે છે. ત્રીજા ક્રમે બનાસકાંઠા કેન્દ્રમાં ૮૯૨ હજાર લિટર જે રાજયના કુલ ઉત્પાદનમાં ૮% પ્રાપ્ત કરે છે.

---

*Dr. Jyotikaben B Patel, Associate Professor

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

**ઉધોગના વિકાસના હેતુંઓઃ**

ગુજરાત રાજયમાં ડેરી ઉદ્યોગના ક્ષેત્રમાં તેના વિકાસ અને પ્રગતિ માટે કેટલાક નીચે દર્શાવ્યા જ મુજબના હેતુ રાખવામાં આવ્યા છે.

૧) નાના તથા સીમાંત ખેડૂતોને અને ખેત મજૂરોના આર્થિક ઉત્કર્ષ માટે ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડ દ્વારા જે વિસ્તારોમાં ડેરી ઉદ્યોગનો વિકાસ ન થયો હોય તેવા વિસ્તારોમાં તેનો વિકાસ વધારવો.

૨) રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં દૂધ ઉત્પાદન વધારવા માટે ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડ, જિલ્લા ડેરી સહકારી સંઘો તથા પશુપાલન ખાતુ વગેરે દ્વારા ઘાસચારો તથા ખાણ પૂરા પાડવાં, કૃત્રિમ બીજદાન, પશુચિકિત્સાલયોની સુવિધાઓ, દૂધાળા ઢોરો પૂરાં પાડવા તથા ધિરાણની સવલતો પૂરી પડી ડેરી વિકાસ કાર્યક્રમો સંકલિત કરવા.

૩)ડેરીઓની સ્થાપિત ક્ષમતામં વધારો કરવો.

૪) પશુપાલન ઉદ્યોગમાં પશુઉછેર અને ગાયના દૂધના ઉત્પાદનમાં વૃદ્ધિ કરવા પ્રવર્તમાન દ્વિધારી ભીતેનો અમલ ચાલુ રાખવો કે જેમાં ગાયના દૂધની કિંમત નક્કી કરવા માટે ચરબી સિવાયના એકદર દૂધની કિમત નક્જી કરવામાં આવે છે.

૫) ડેરી વિકાસના કામ કરતી જુદી જુદી એન.જી.ઓ. કે સંસ્થાઓની પ્રવૃત્તિઓને સંકલિત કરવી.

૬) આદિવાસી અને ડુંગરાળ તથા પછાત વિસ્તારોમાં ડેરી ઉદ્યોગનો વિકાસ વધારવો.

૭) દરેક ડેરી ઉદ્યોગમાં પ્લાન્ટોની આર્થિક પ્રગતિ અને વૃદ્ધિમાં વધારો કરવો.

૮) નવા ડેરી પ્લાન્ટોની સ્થાપના મહેસૂલી હદ વિસ્તારોને બદલે દૂધ ઉત્પાદક વિસ્તારોને જ અગ્નિમતા કે પ્રાથમિકતા આપવી.

૯) ડેરી પ્લાન્ટોને તેમના સંબંધિત.જિલ્લાઓમાં "સર્વગ્રાહી જિલ્લા આયોજના' હેઠળ લાવવા અને જિલ્લા આયોજનને ધોરણે રાજય આયોજનની રચના કરવી.

**ડેરી ઉદ્યોગ અને રોજગારી:**

દૂધના વ્યવસાયમાં રોજગારીના ક્ષેત્રને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય છે. જેમાં ૧) સીધી રોજગારી મેળવતી વ્યક્તિઓ. જેમાં સંઘો કે મંડળીઓ મારફતે નોકરીએ રાખવામાં આવતી વ્યક્તિઓ. ૨) દૂધ ઉત્પાદકો, ૩) આડકતરી રીતે ધંધો મેળવતી વ્યક્તિઓ. લોકો આ ઉપરોક્ત ત્રણ ક્ષેત્રે રોજગારી મેળવતાં જેવા મળે છે.

રોજગારીના ક્ષેત્રે ગુજરાતના ડેર ઉધોગને જે તક પૂરી પાડી છે. તે અત્યાર સુધી બીજા કોઇ જ ઉદ્યોગ-ધંધામાં મળી રહે તેમ નથી. સહકારી માળખા સાથે સંકળાયેલ ગુજરાતના ૧૨૪ દધ સંઘોની માહિતીના આધારે ચર્ચા કરીએ તો વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થશે. ગુજરાત કક્ષાએ સભાસદોની સંખ્યા ૨૦,૯૨,૦૦૦, ગુજરાણ કક્ષાએ મંડળીઓની સંખ્યા ૧૦,૫૧૫, ગુજરાત કક્ષાએ સરેરાશ દૂધ પ્રાપ્તિ અંદાજિત ૪૨ લાખ લિટર/દિવસ, ગુજરાત કક્ષાએ પશુઆહાર ઉત્પાદન ક્ષમતા ૧,૬૫૦ મેટ્રીક ટન/દિવસ, જી.સી.એમ.એમ.એમ. અને દૂધ સંઘોના કર્મચારીઓની સંખ્યા અંદાજિત ૧૦,૦૦૦ સંઘો સાથે સંકળાયેલ દૂધ મંડળીઓના કર્મચારીઓની સંખ્યા અંદાજિત ૩૦,૦૦૦, ફેડરેશન અને દૂધ સંઘો દ્વારા સ્થાનિક વેચાણ અંદાજિત ૧૮ લાખ લિટર/ દિવસ. જથ્થામાં દૂધ વેચાણ અંદાજિત ૧૧ લાખ લિટર/દિવસ દૂધ વેચાણ પ્રક્રિયામાં સંકળાયેલ સ્દાનિક વેચાણકારો અસંખ્યા જોવા મળે છે. દૂધના ધંધા સાથે સંકળાયેલ સ્થાનિક વેચાણકારોને રોજગારી જેવી કે દૂધ વહન, કોન્ટ્રાકટર, ઓટૉમોબાઇલ ધંધાદારીઓ, વૈટેનરી જીપ પરિવહન કોન્ટ્રાકટર, કાચા માલના ખરીદી સાથે સંકળાયેલ પાર્ટીઓમાં અસંખ્ય લોકો રોજગારી મેળવે છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

આમ, દૂધ ઉત્પાદક સંઘો અતે ફેડરેશન સાથે જોડાયેલ લગભગ ૧૦,૦૦૦ જેટલા કર્મચારીઓ દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓ સાથે રાંકળાયેલ આશરે ૩૦,૦૦૦ જેટલા કર્મચારીઓ, દર ૧૦ દિવસે દૂધના વેચાણથી નિયમિત રીતે આવક મેળવી રહૈલ સાબરકાંઠાના ૨,૩૭,૦૦૦ અને ગુજરાતના અંદાજે ૨૧ લાખ દૂધ ઉત્પાદક સભાસદો અને દૂધ અને દૂધની બનાવટોના વેચાણ અર્થે સંકળાયેલ માર્કેટીંગ ચેનલના અસંખ્ય લોકો તથા દૂધના ધંધા સ;થે આડકતરી રીતે સંકળાયેલ ધંધાર્થીઓ જેવા કે જીપ પરિવહન કોન્ટ્રાક્ટ્સ, દૂધ રૂટ પરિવહન કોન્ટ્રાકટર્સ, કાચોમાલ સપ્લાય કરતી પાર્ટીઓ સાથે સંકળાયેલ કર્મચારીઓ, ઓટોમોબાઇલના ધંધા સાથે સંકળાયેલ પાર્ટીઓ વિગેરે અસંખ્ય લોકોને દૂધનો આ સહકારી વ્યવસાય હાલમાં રોજગારીની તકો પૂરી પાડે છે.

ભવિષ્યના વિકાસ તરફ દૃષ્ટિ નાંખત આગામી વર્ષઃ૨૦૧૦ સુધીમાં દૂધ પ્રાપ્તિનો આંકડો ૮૨ લાખ કિલોગ્રામ પ્રતિ દિવસ સુધી પહોંચે તેમ છે. વર્તમાન સમયમાં ગુજરાતના ૧૨ જિલ્લાઓમાંજ સહકારી ધોરણે દૂધના ધંધાનું માળખું સુવ્યવસ્થિત રીતે ગોઠવાયેલ છે. જયારે સુરેન્દ્રનગર, ભાવનગર, જુનાગઢ તથા જામનગર જિલ્લામાં આ માળખું વધુ વ્યવસ્થિત રીતે ગોઠવાય તેવા સંનિષ્ઠ પ્રયત્નો ચાલુ જ છે. અને દર વર્ષે ચૂકવાઇ રહેલ દૂધના આકર્ષક ભાવો તેમજ દૂધના વ્યવસાયના આ માળખા અને દૂધ ઉત્પાદકોની વચ્ચે ઉત્કૃપ્ડ બનેલ વિશ્વાસના વાતાવરણને કારણે દૂધ ઉત્પાદકોની આ માળખા સાથે ન્ોડાવા માટે પ્રતિ વર્ષ વધી રહેલ સંખ્યાને જોતાં હજુ પણ ગુજરાતના વધુ લોકોને રોજગારી પૂરી પાડી શકીએ તેમ છીએ.

આપણી દૂધ અનેં દૂધની બનાવટોનું વેચાણ ગુજરાત બહાર પણ થઇ રહ્યું છે. એટલે માર્કેટીંગ વિભાગ સાથે સંકળાયેલ ગુજરાત બહારના માર્કેટીંગ ચેનલના લોકોને પણ ગુજરાતનો આ ડેરી ઉદ્યોગ રોજગારીની તકો પૂરી પાડી રહ્યો છે. આ ઉપરાંત મોટા ભાગના દૂધ ઉત્પાદક સંઘોએ વિશ્વ બજારમાં પ્રવેશ માટે જરૂરી એવા આઇ.એસ.ઓ.૯૦૦૦ તથા એચ.એ.સી.સી.પી. જેવા પ્રમાણપત્રો પણ મેળવી લીધાં હોઇ દૂધ અને દૂધની બનાવટોના આંતરરાષ્ટ્રીય વેચાણ દ્વારા આપણો ગુજરાતનો ડેરી ઉદ્યોગ હવે દેશ બહાર પણ રોજગારીની તકો પૂરી પાડવા માટે સક્ષમ બન્યો છે.

**વર્તમાન સમયની પરિસ્થિતિમાં સુધારો લાવવા માટેના સૂચનો :**

૧) સ્થાનિક સહકારી દૂધ મંડળીઓમાં વ્યવસ્થાપક સમિતિમાં યુવકોને સ્થાન આપી લેવાનાર નિર્ણયોમાં ભાગીદારી વધારવી જરૂરી છે.

૨) શાળા - કોલેજ, વિદ્યાલયો અને સહકારી સંસ્થઓ દ્વારા સંકલીત પ્રયત્નો કરી સુશિક્ષિત,શક્તિશાળી અને તેજસ્વી યુવકોતે સહકારી પ્રવૃત્તિમાં સામેલ કરી સહભાગીદાર બનાવવા નિષ્ઠાથી પ્રયત્નો કરવા જરૂરી છે.

૩) કાચા દૂધની ગુણવત્તા દૂધ ઉત્પાદકોના લેવલે ઉંચી લાવવી અને જેના માટે કલેરીફીકેશન જેવી પદ્ધતિઓ અપનાવવી જરૂરી છે.

૪) સહકારી સંસ્થાઓમાં કાર્યક્ષમ અને હેતુલક્ષી સંચાલન તેમજ વહીવટ માટે કાર્યકુશળ વહીવટી નિપુણ અને નિષ્ણાંત એવા યોગ્ય લાયકાત ધરાવતા અધિકારીઓ, મેનેજરોની સેવાઓ આવશ્યક છે.

૫) ડેરી ઉદ્યોગના પ્લાન્ટની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કરવો કે જેથી ઓછા .ખર્ચે વધુ ઉત્પાદન મળી રહે.

૬) ઓછામાં ઓછો બગાડ, ઓછામાં ઓછો ફેટ, એસ.એન.એફ. વિજળીની બચત વગેરે બાબતે પગલાં લેવા અગત્યના છે.

૭) સારી ઉત્પાદનની પદ્ધતિઓ (જી.ઓ.પી.) તથા (એચ.એ.સી.સી.પી.) જેવા આંતરરાષ્ટ્રીય ધોરણોનો અમલ કરવો જેથી નિકાસોમાં વૃદ્ધિ થઇ શકે.

૮) નવીન પેકેજીંગ ટેકનોલોજી દ્વારા પૈક કરેલ દૂધની બનાવટોના પોષણના મૂલ્યો જળવાઇ રહે તથા તે લાંબા સમય સુધી સારી રહે.

૯) શીતસંગ્રહ વ્યવસ્થા તથા વ્યવસ્થિત સ્ટોરેજ તથા સુગઠિત ટ્રાન્સપોર્ટશેન પદ્ધતિને મજબૂત કરવી જરૂરી છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

**૧૦) મોડેલ-કો-ઓપરેટીવ એકટ:-**

આપણા જરીપુરાણા સહકારી કાયદાને બદલે મોડેલ-કો.ઓ.એક્ટનો અમલ થાય અને સહકારી પ્રવૃત્તિને જેહુકમો અને નિયંત્રણમાંથી મુક્ત કરાય અને પ્રવૃત્તિ પોતાના પગ ઉપર ઉભી થાય. સરકારની આર્થિક સહાય તરફ વીલે મોઢે નજર કર્યા વગર સભાસદો પોતે જ સ્વકીય મૂડી ઊભી કરવાની પ્રેરણા મેળવે અને સહકારી પ્રવૃતિની ધોતક સંસ્થાઓને આર્થિક રીતે સદ્ધર બનાવી તંદુરસ્ત પ્રણાલિકાઓ સ્થાપે તો જ પ્રવૃત્તિ મજબૂત બની શકે.

૧૧) સહકારી સંસ્થાઓમાં જયાં સરકારના પ્રતિનિધિઓ મૂકવાની જરૂરિયાતો ઊભી થાય (જે સંસ્થામાં સરકારનું નાણાંકિય હિત સમાયેલું હોય)તેવા કિસ્સામાં આવા પ્રતિનિધિઓ રાજકારણીઓને બદલે વ્યવસાયિક નિષ્ણાંતો હોય તો સંસ્થાના વિકાસમાં તેમની સેવાઓ મદદરૂપ બની શકે.

૧૨) અન્ય સહકારી સંસ્થાઓ સાથે સાથે દૂધની સહકારી સંસ્થાઓના વ્યવહારમાં મહિલાઓને વ્યવસ્થાપક સમિતિમાં સામેલ કરીને તેઓ પણ હોદ્દેદાર બને અને સંસ્થાઓના સંચાલનની તાલિમ મેળવે અને લોકપ્રિય નેતાગીરી પૂરી પાડે તેવા પ્રયાસો કરવા !! જરૂર છે.

૧૩) સંચાલક મંડળના ચૂંટાયેલા સભ્યો અને પગારદાર અધિકારીઓ ૨ સફળ સહકારી સંસ્થાઓની મુલાકાત લઇ તેમની લોકશાહી કામગીરીથી માહિતગાર બની તેમાંથી અનુભવો અને બોધપાઠ મેળવે તેવી જેગવાઇ કરવી જોઇએ.

૧૪) પગારદાર અધિકારીઓની સત્તાઓ અને ચૂંટાયેલ સંચાલક મંડળ, અધિકારીઓ અને જવાબદારી વચ્ચેની લક્ષ્મણરેખા સ્પષ્ટ બનાવવી જોઇએ. જેથી એકબીજાના કાર્યક્ષેત્રમાં તેમજ તેમની સત્તાઓ અને જવાબદારીઓમાં હસ્તક્ષેપ નિવારી શકાય છે.

૧૫) ગુજરાત રાજય પાસે સૌથી લાંબો દરિયા કિનારો છે. તે ખેતી માટે બિનઉપયોગી છે. ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલય રૂ. ૨૦૦ લાખના ખર્ચે ગૌતમ પેનીક ગ્રાસ વેરાઇટીનો વિકાસ કરેલ છે. જે દરિયાના પાણીમાં પણ ઉગાડી શકાય છે. આ કાર્યક્રમ દ્વારા ૨૦૦૦ હેકટર બિન ઉપયોગી જમીનને ઉપયોગમાં લઇ શકાશે.